# મારી વાત

પૃથ્વી, પ્રકૃતિ, પર્યાવરણ
માણસ, માનસમન,
માનવટોળાં અને માનવસમાજના
ધબકતા સંકુલ શ્વાસ
મારી કલમનાં ઉદ્દીપક

મારી વાત કાવ્યોમાં પથરાયેલી છે.
ચપટી 'કેલૈયો કલદાર'માં
ચપટી 'મીઠો નામે માનવી'માં
ચપટી 'મનમોર'માં
ચપટી 'બે પગ'માં
અંધારામાં ઝઘડતાં અથડાતાં
'અજવાળાં જ અજવાળાં' જડ્યાં

'શૂન્યાવકાશ' અને 'જોવા જેવું નાટક'માં
લયવિલયના ત્રિકાળની
ત્રિવિધ લીલાનો અનુભવ થયો.

તો વૃત્તિ-પ્રવૃત્તિના વાઘા, ક્ષણિક ઉતારી
દખ્ખણની સૌંદર્યરાશિમાં ઝબોળાતા
'હેલો હસમુખ'ને 'કન્યાકુમારી'એ
જીવન-મરણ ઉભયની નિર્વેદ કાવ્યયાત્રા કરાવી.

– **હસમુખ કે. રાવલ**

# અનુક્રમ


1. કેલૈયો કલદાર!------------------------1
2. મીઠો નામે માનવી ----------------------8
3. હેલો, હસમુખ ----------------------18
4. મનમોર -------------------------33
5. વેચાઈ ગયેલી કારની એકોક્તિ --------------41
6. બે પગ--------------------------44
7. ટેબલ કાવ્યો ----------------------48
8. ગ્રંથ ગુટકા પોથી પુસ્તક -----------------52
9. અજવાળાં લ્યો અજવાળાં-----------------54
10. ખિસ્સાં કાવ્યો ----------------------61
11. શૂન્ય કથા ------------------------76
12. બાઅદબ-------------------------80
13. કન્યાકુમારી -----------------------83
14. જોવા જેવું નાટક -------------------94

# કેલૈયો કલદાર!

પેંડા વહેંચતા પોપટલાલની
એક આંખ હસતી હતી
ને બીજી આંખ ગણતી હતી,
‘ચિન્ટુ આખર બે લાખમાં પડ્યો.’

ત્યાં ગ્રાન્ડ-મા ગંગામાની
જોરદાર વૉકિંગ સ્ટિક ખખડી,
‘લાખ લાખ શું રડે છે?

કેલૈયો કરોડનો છે!
કલદાર!

હૉસ્પિટલ પણ મસલ્સ ફુલાવતી હતી
ને ગૌરવથી ગણગણતી હતી,
‘ટંકશાળ છું ટંકશાળ!’

●

પોપટલાલ ભારે ઉતાવળા
પારણામાં પોઢેલી ટિકિટને
વારંવાર જોયા કરે!
ને લૉટરી ખૂલવાની
વણલખી તારીખ મમળાવતા
પાછી ઢબૂરી દે!

તો પલંગે પડખે સૂતું
પોલકાનું અધખૂલ્યું બટન પણ
ટગર ટગર તાક્યા કરે :
એન.જી.ઓ.! ડૉક્ટર! એન્જિનિયર!...